**YES BANK**

**બ્રાંચ ઓફીસ :** પહેલો માળ, ઓર્બીટ ટાવર, કૃષી બજાર સામે, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત – ૩૯૫૦૦૨.
**રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફીસ :** યશ બેંક ટાવર, વન ઈન્ટરનેશનલ સેન્ટર, ૧૫મો માળ, સેનાપતી બાપટ માર્ગ, એલ્ફીસ્ટોન, (વેસ્ટ) મુંબઈ – ૪૦૦૦૧૩.
**CIN :** L65190MH2003PLC143249, **Email :** communications@yesbank.in, **Website :** www.yesbank.in

# ઈ-હરાજીની વેચાણ નોટીસ

**સરફેસી કાયદા ૨૦૦૨ (હવે પછી અહીયા કાયદા તરીકે દર્શાવેલ) સાથે વંચાણે લેતા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ (હવે પછી અહીયા નિયમો તરીકે દર્શાવેલ) અંતર્ગત વેચાણ નોટીસ**

યશ બેંક લીમીટેડ વતી બેંકના અધીકૃત અધીકારીએ ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૨) અને ૧૩(૪)ની નોટીસ અનુસંધાને નીચે દર્શાવેલ મિલકત નો કબજો લીધેલ છે. આથી બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલી મિલકત જાહેર હરાજી (ઈ–હરાજી) મારફતે "જયાં છે ત્યાં છે" અને "જેવી છે તેવી છે"ના ધોરણે કોઈપણ જવાબદારી સિવાય સદરહુ કાયદાના નિયમો ૮ અને ૯ અંતર્ગત વેચાણ કરવાનું નક્કી કરેલ છે.

| ઉધારકર્તા / જામીનદાર(ઓ) સુરક્ષા પુરી પાડનાર ના નામ | બાકી લેણા ની રકમ | માંગણા નોટીસ ની તારીખ | મિલકતનું વર્ણન | અનામત કિંમત (રૂા.) |
|---|---|---|---|---|
| **૧. શ્રી બનવરલાલ પી કરીર (ઉધારકર્તા અને ગિરવેદાર) અને<br>૨. શ્રીમતી મનીદેવી (સહ-ઉધારકર્તા)** | **રૂા. ૨૧,૧૧,૬૮૫/– એકવીસ લાખ અગિયાર હજાર છસો પંચ્યાસી પુરા) તા. ૨૧.૦૬.૨૦૧૯ ના રોજ** | **૨૫ જુન ૨૦૧૯**<br>**કબજાની તારીખ**<br>**૦૭ નવેમ્બર ૨૦૨૦** | બનવરલાલ પી. કરીર ની માલીકીનો રહેણાંક પ્લોટ નં. ૩૧૮, (પ્લાન પાસ મુજબ પ્લોટ નં. એ/૩૧૮) ક્ષેત્રફળ ૭૪.૪૨ સ્કે.મીટર, (૭/૧૨ મુજબ ક્ષેત્રફળ ૭૪.૪૨ સ્કે.મીટર) માનસી રેસીડેન્સી નામથી જાણતી સોસાયટી, સાંઈવાટીકા રો-હાઉસની પાછળ, હોટલ વિશાલા કડોદરાની સામે, જમીનનો બ્લોક નં. ૧૯૫ અને રેવન્યુ સર્વે નં. ૧૯૪/૧ અને ૧૯૪/૨, મોજે બગુમરા ખાતે સ્થિત બારડોલી રોડ, બગુમરા તાલુકો પલસાણા, જીલ્લો સુરત | **રૂા. ૧૮,૦૦,૦૦૦/- (રૂપિયા અઢાર લાખ પુરા)**<br>**અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂા.)**<br>**રૂા. ૧,૮૦,૦૦૦/- (રૂપિયા એક લાખ એસી હજાર પુરા)** |

- **ઈ-હરાજીની તારીખ અને સમય :૨૦.૦૨.૨૦૨૧, સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ દરકે ૫ મિનીટના વધારા સાથે**
- **બીડ મોકલવાની છેલ્લી તારીખ : ૧૮.૦૨.૨૦૨૧**
- **મિલકત નિરીક્ષણની તારીખ : ૧૫.૦૨.૨૦૨૧, સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦**

**નિયમો અને શરતો :**

- વેચાણ ચુસ્ત રીતે ટેન્ડર ડોકયુમેન્ટ/ઈ–બીડીંગ કેટલોગ અને આ નોટીસમાં આપેલ નિયમો અને શરતોને આધીન કરવામાં આવશે. વધારાની વિગતો સ્થાવર મિલકતો/મુકરર મિલકતો અને ટેન્ડર ડોકયુમેન્ટ/ઓન લાઈન હરાજી કેટલોગ **અધિકૃત અધિકારી, યશ બેંક લી., પહેલો માળ, ઓર્બીટ ટાવર, કૃષી બજાર સામે, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨** પાસેથી કોઈપણ કામકાજના દિવસે મેળવી શકાશે.
- સિલબંધ દરખાસ્ત (ફકત નિયત ટેન્ડર ડોકયુમેન્ટ/ઈ–બીડીંગ કેટલોગ માં જ) અર્નેસ્ટ મની ડીપોઝીટ(ઈએમડી) તરીકે અનામત કિંમતના ૧૦% સાથે, **યશ બેંક લી., પહેલો માળ, ઓર્બીટ ટાવર, કૃષી બજાર સામે, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત - ૩૯૫૦૦૨** ખાતે ઉપરોક્ત જણાવેલ તારીખ અથવા તે પહેલા જમા કરાવાની રહેશે. ચૂકવણી ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર મારફતે રાષ્ટ્રીયકૃત બેંક ઉપરના "યશ બેંક લી." ની તરફેણમાં સુરત ખાતે ચૂકવવા પાત્ર થી જ કરવાની રહેશે. દરખાસ્ત જેબરાબર ભરેલ નહી હોય અથવા દરખાસ્ત ઈએડી સાથે નહીં હોય અથવા દરખાસ્ત અહીં નિર્ધારીત કરેલ તારીખ પછી આવશે તો તેને ધ્યાન પર લેવાશે નહિ/યોગ્ય દરખાસ્ત ગણાશે નહીં અને તે મુજબ રીઝેકટ કરાશે. ઈ હરાજીની તારીખ અને સમય અહીં ઉપર કોલમ માં દર્શાવેલ છે.
  **દસ્તાવેજો :** દરખાસ્ત દસ્તાવેજો/ઈ–બીડીંગ કેટલોક સાથે તેની/તેણીની ફોટો ઓળખનો પુરાવો જેમ કે પાસપોર્ટ, ચૂંટણી કમિશન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ઈન્કમટેક્ષ વિભાગ તરફથી જારી કરેલ પાન કાર્ડની નકલ જોડવાની રહેશ. આથી નોંધ લેશો કે પુરાવાના દસ્તાવેજો ઉપર દસ્તાવેજ કરનારે/ઓફર કરનારે તેની/ તેણીની કાઉન્ટર સહી કરેલી હોવી જોઈએ.
- મોકલાવેલ બીડની રકમ અનામત કિંમત કરતા વધારે હોવી જોઈએ અને દરખાસ્ત કરનાર તેમની વધારાની ઓફર **૧૦,૦૦૦/-** ના ગુંણાંકમાં વધારી શકે છે. અધિકૃત અધિકારીએ નક્કી કરેલ અનામત કિંમતથી નીચે મિલકત વેચવામાં આવશે નહી. અનામત કિંમતની નીચેની દરખાસ્તો સ્વીકારાશે નહી અને ઈએમડી ની જમા રકમ જપ્ત કરવામાં આવશે.
- જરૂરી દસ્તાવેજો નિર્ધારીત તારીખે અને સમય મર્યાદામાં મળ્યા પછી યોગ્ય દરખાસ્ત કારો ભાવી ખરીદદારો ને મે. ઈ–પ્રોકયુરમેન્ટ ટેકનોલોજીસ લીમીટેડ દ્વારા ઓનલાઈન હરાજી **https://sarfaesi.auctiontiger.net**. ઉપર ભાગ લેવા માટે પાસવર્ડ/યુઝર આઈડી આપવામાં આવશે જરૂરી ટ્રેનીંગ આ હેતુસર મે. ઈ–પ્રોકયુરમેન્ટ ટેકનોલોજીસ લીમીટેડ દ્વારા આપવામાં આવશે.
- દરખાસ્ત કરનારા/ભાવી ખરીદનારાઓને ઓનલાઈન હરાજી દરમ્યાન તેમની દરખાસ્ત વધારવાની/સુધારવાની તક આપવામાં આવશે. વધારાની શરતો અને નિયમો દરખાસ્ત કરનાર/ભાવી ખરીદનાર ઓનલાઈન હરાજીમાં ભાગ લેનાર માટે છે. **(એ)** અધિકૃત અધિકારીને ઓનલાઈન હરાજીનું સંચાલન કરવામાં ઈપ્રોકયુરમેન્ટ ટેકનોલોજીસ લીમીટેડ (ઓકસન ટાઈગર) મદદ કરશે. **(બી)** ઓનલાઈન હરાજી માં ભાગ લેવો ફોર્મેટ, એપ્લીકેશન, ડેકલેરેશન વગેરેની વિગતવાર નિયમો અને શરતો વેબસાઈટ : **https://sarfaesi.auctiontiger.net**. ઉપરથી ડાઉન લોડ કરી શકાશે.
- સફળ દરખાસ્તકારે ખરીદ કિંમતના ૨૫%(અર્નેસ્ટ મની સહીત) ઈ હરાજી વેચાણ પ્રક્રીયા પૂર્ણ થયાના ૪૮ કલાકમાં ચૂકવવાના રહેશે. બાકીના ૭૫% ખરીદ કિંમતના બેંક દ્વારા વેચાણ નક્કી થયાના ૧૫ દિવસમાં અથવા જે તે વધારેલા સમયમાં જે અધિકૃત અધિકારીની સંપૂર્ણ મુનસફી પ્રમાણે ભરવાના રહેશે. તેમાં કસૂર થતાં ખરીદદારે ભરેલ/જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે.
- અસફળ બોલીકારોની ઈએમડીની રકમ ઈ હરાજી પ્રકીયા પૂર્ણ થયાના ૩ કામકાના દિવસો દરમ્યાન પરત કરવામાં આવશે.
- વેચાણ બેંકની સંમતિને આધીન રહેશે જો ઉધારકર્તા/જામીનદાર બેંકના બાકી લેણાં વેચાણ તારીખ પહેલાં ભરપાઈ કરી દેશે તો કોઈ વેચાણ પ્રક્રિયા થશે નહિ.
- અધિકૃત અધિકારીની જાણ અને માહીતી પ્રમાણે ગીરો મીલકત ઉપર કોઈ બોજો અસ્તીત્વ ધરાવતા નથી આમ છતાં ઈચ્છુક દરખાસ્ત કરનારઓને આ બાબતે પોતાની રીતે તપાસ કરી લેવાની સલાહ આપવામાં આવે છે. અધિકૃત અધિકારી કોઈ ચાર્જ, લીયન, બીજો, મિલકત વેરો અથવા બીજા કોઈ સરકારી લેણાં અથવા બીજા કોઈના ઉપર દર્શાવેલ ગીરો મિલકત માટે જવાબદાર રહેશે. નહી.
- અધિકૃત અધિકારીની અગાઉથી સમય મળેવીને ફેબ્રુઆરી **૧૫, ૨૦૨૧ ના રોજ ૧૧.૦૦ થી ૨.૦૦ વાગ્યા** સુધીમાં ઉપરોકત મિલકતનું નિરીક્ષણ રસ ધરાવતી વ્યક્તીઓ/દરખાસ્ત કરનાર દ્વારા કરી શકાશે. અધિકૃત અધિકારીને કોઈપણ જાતના કારણો આપ્યા વિના કોઈ દરખાસ્ત/દરખાસ્તો (કોઈપણ મિલકત માટે ) નકારવાનો અધિકાર છે.
- વેચાણ નિયમોની પરીપૂર્ણતાએ, અધિકૃત અધિકારી ખરીદનારની તરફેણમાં "વેચાણનું પ્રમાણપત્ર" આપશે. બધાજ ખર્ચા, સ્ટેમ્પ ડયુટીને લગતા, રજીસ્ટ્રેશન ચાર્જીસ,કનવેયન્સ, વેટ/જીએસટી વગેરે ખરીદનારે ભોગવવાના રહેશે.
- વેચાણ સરફેસી કાયદા/નિયમો ૨૦૦૨માં પ્રસ્થાપિત શરતો અને ઉપર દર્શાવેલ શરતો ને આધીન રહેશે.
- વિગતવાર નિયમો અને શરતો વેચાણ માટેની જોવા મહેરબાની કરીને યશ બેંક લી. ની વેબસાઈટ **www.yesbank.in** પર આપેલ લીંક **http://10.0.49.5/about-us/media/auction-property** અથવા **https://sarfaesi.auctiontiger.net** જૂઓ.

જો ટેન્ડર ડોકયુમેન્ટસ ઈ–બીડીગ કેટલોગ મેળવવામાં અથવા સ્થાવર મિલકત મુકરર મિલકતની નિરીક્ષણમાં તકલીફ હોય અને કોઈ કવેરી હોય તો મહેરબાની કરીને **યશ બેંક લી. ના અધિકારીનો સંપર્ક કરવો, શ્રી બિરેન દવે, મો. ૯૯૨૫૦૦૯૮૬૯ અથવા ઈમેલ: biren.dave@yesbank.in** અને **મે. ઈ-પ્રોકયુરમેન્ટ ટેકનોલોજીસ લીમીટેડ (ઓકસન ટાઈગર) અમદાવાદ, બીડર સપોર્ટ નંબર : ૯૨૬૫૫૬૨૮૨૧, ૦૭૯ - ૬૧૨૦૦૫૯૪ / ૫૯૮ / ૫૬૮ / ૫૮૭ / ૫૩૮, ઈમેલ : gujarat@auctiontiger.net** અને **chintan.bhatt@auctiontiger.net** નો સંપર્ક કરશો.

# ઉધારકર્તા / જામીનદારોને વેચાણ નોટીસ

ઉપરોક્ત પ્રકાશનની તારીખથી ૩૦ દિવસની અંદર ચૂકવવા માટે જવાબદારી અને નોટીસ તરીકે ગણવામાં આવશે.

**સહી/-**

**તારીખ : ૦૮.૦૧.૨૦૨૧, સ્થળ : સુરત**

**અધિકૃત અધિકારી, યશ બેંક લીમીટેડ**